ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

**પ્રેસનોટ:-2454/08/2024** **તા.10.08.2024**

## આજથી રાજકોટ ખાતે હર ઘર તિરંગા યાત્રાનો પ્રારંભ કેન્દ્રીયમંત્રી અને રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જે.પી.નડ્ડાજી તેમજ કેન્દ્રીયમંત્રી અને પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજી અને મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલની ઉપસ્થિતિમા થયો.

----

## દેશના યુવાનો આઝાદીનો સદઉપયોગ કરી અમૃત કાળમા ભારતને 2047મા વિકસીત રાષ્ટ્ર બનાવવા સંકલ્પ કરે. – શ્રી જે.પી.નડ્ડા

----

## આઝાદીની લડાઇમા સરદાર પટેલનુ યોગદાન દેશ ક્યારેય નહી ભૂલી શકે પણ કોંગ્રેસના નેતાઓના ચશ્માામા એક જ પરીવાર દેખાય છે. – શ્રી જે.પી.નડ્ડા

----

## દેશના નાગરીકોને દેશના તિરંગા પ્રત્યે આદર,સન્માન થાય તે માટે તિરંગા યાત્રાની પ્રેરણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આપણને આપી છે. – શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ

----

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમા જણાવે છે કે, ભાજપા દ્વારા આજથી રાજકોટ ખાતે હર ઘર તિરંગા યાત્રાનો પ્રારંભ થયો. આ કાર્યક્રમમા કેન્દ્રીયમંત્રી અને રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જે.પી.નડ્ડાજી તેમજ કેન્દ્રીયમંત્રી અને પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજી અને મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલની ઉપસ્થિતિમા યાત્રાને પ્રસ્થાન કરાવવામા આવ્યું. આ કાર્યક્રમમા રાજકોટ મહાનગરના મેયરશ્રી નયનાબેને પ્રાસંગીક સંબોધન કર્યુ હતું.

રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જે.પી.નડ્ડાજીએ સંબોધન કરતા જણાવ્યું કે, આજે મને ગુજરાતની તપસ્વી,સંતો,સમાજ સુધારકો,સ્વતંત્ર સેનાનીઓની ભૂમી પર આવવાનુ સૌભાગ્ય મળ્યુ છે.દેશને આઝાદી અપાવવામા ગુજરાતનુ બહુ મોટુ યોગદાન રહ્યુ છે. આ દેશ ક્યારેય મહાત્મા ગાંધીના યોગદાનને ભૂલી નહી શકે જેમનો આઝાદી અપાવવામા મોટુ યોગદાન રહ્યુ છે. સરદાર વલ્લભભાઇ પટેલે દેશને જોડવાનુ કામ કર્યુ છે. આપણા વડાપ્રધાન પણ ગુજરાતના પનોતા પુત્ર છે કે જેમણે દેશને

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

અમૃત કાળથી લઇ વિકસીત ભારતના સ્વપ્નને સાકાર કરવા સંકલ્પ કર્યો છે એટલે ભારતના વિકાસમા ગુજરાતનુ મોટુ યોગદાન છે. આજે રાજકોટથી તિરંગા યાત્રાનો પ્રારંભ થઇ રહ્યો છે.

શ્રી નડ્ડાજીએ યુવાઓને અપિલ કરતા જણાવ્યું કે, આઝાદી ભારતને સરળતાથી નથી મળી. આઝાદીને મેળવવા મોટી સંખ્યામા વિર જવાનોએ શહિદી વ્હોરી છે,લાખો પરિવારે આઝાદીની લડાઇમા પોતાને સમર્પિત કર્યા છે. આજે આ સમય છે કે દેશની આઝાદી અપાવવા જે વિર જવાનોએ શહીદી વ્હોરી છે તેમને યાદ કરી શ્રદ્ધાંજલી અર્પણ કરીએ. 9 ઓગષ્ટે મહાત્મા ગાંધીએ આપણને અંગ્રેજો ભારત છોડોનુ સુત્ર આપ્યુ તે ઘર ઘરે પહોચ્યુ અને મોટુ જન આંદોલન બન્યુ. ભારત છોડો આંદોલન ન થયુ હોત તો 15મી ઓગષ્ટે આઝાદી ન મળી હોત. દેશ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમા વિકાસના અનેક પ્રકલ્પો ઘડાઇ રહ્યા છે. આવનાર સમયમા ભારત વિકસીત બને તે દિશામા કાર્ય કરવાનુ છે. દેશના યુવાનો દેશની આઝાદીનો સદઉપયોગ કરી અમૃત કાળમા ભારતને 2047મા વિકસીત રાષ્ટ્ર બનાવવા સંકલ્પ કરે. આજે ભારત વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમા વિશ્વની પાંચમા નંબરની અર્થવ્યવસ્થા બન્યુ છે. કોંગ્રેસની સરકારમા ભારત રક્ષા ક્ષેત્રે ભ્રષ્ટ્રાચાર માટે જાણીતુ હતુ  પરંતુ આજે ભારત મેક ઇન ઇન્ડીયા થકી રક્ષાના સાધનોનુ ઉત્પાદન કરી રહ્યુ છે.

શ્રી નડ્ડાજીએ વધુમા જણાવ્યું કે, આઝાદીની લડાઇમા સરદાર પટેલનુ યોગદાન દેશ ક્યારેય નહી ભૂલી શકે પણ કોંગ્રેસના નેતાઓના ચશ્મામા એક જ પરીવાર દેખાય છે. દેશને આઝાદી અપાવવામા ચંદ્રશેખર આઝાદ,ભગતસિંહ,રાજગુરુ,નેતાશ્રીસુભાષચંદ્ર સહિત મોટી સંખ્યામા યુવાનોએ બલિદાન આપ્યુ છે પણ કોંગ્રેસને માત્ર એક પરિવાર યાદ આવે છે. નક્લી રાષ્ટ્ર ભક્ત,રાજનીતીના ચશ્માથી દેશને જોવા વાળા તેમજ રાજનીતી માટે સમાજમા ભાગલા કરવા વાળા લોકોને દેશના યુવાનો અને જનતા તેમને તથ્ય બતાવશે.

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલે સંબોધન કરતા જણાવ્યું કે, વિશ્વના લોકપ્રિય નેતા અને આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે સ્વતંત્ર પર્વ જનઆંદોલન બને તે માટે હર ઘર તિરંગા અભિયાનને પ્રેરણા આપી છે. આજથી રાજકોટ ખાતેથી તિરંગા યાત્રાનો શુભારંભ થઇ રહ્યો છે. દેશના નાગરીકોને દેશના તિરંગા પ્રત્યે આદર,સન્માન થાય તે માટે આ યાત્રા યોજાઇ છે. વડાપ્રધાનશ્રી

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

નરેન્દ્રભાઇ મોદી સાહેબ સ્પષ્ટ માને છે તે દેશનો તિંરગો સૌ દેશવાસીઓને સાથે લાવે છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની પ્રેરણાથી આઝાદીકા અમૃત મહોત્સવ,મેરી મિટ્ટી મેરા દેશ અને હર ઘર તિંરગા જેવા કાર્યક્રમોએ નેશન ફર્સ્ટની ભાવનાથી નિશ્ચિત સફળતા મેળવી છે. આગામી દિવસોમા આપણે **15**મી ઓગષ્ટે દેશ સ્વતંત્ર પર્વ ઉજવશે તે પુર્વે જન જનમા દેશભક્તિ,દેશપ્રેમ વધે તે માટે આ યાત્રા યોજાઇ રહી છે. હર ઘર તિરંગાને યાદગાર જનઆંદોલન બને તેવી અપેક્ષા સાથે સૌને સ્વતંત્ર પર્વની શુભેચ્છા.

આ કાર્યક્રમમા કેન્દ્રીયમંત્રી અને પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજી, રાજયનામંત્રીશ્રીઓ શ્રી રાઘવજીભાઇ પટેલ, શ્રી ભાનુબેન બાબરીયા,પુર્વમુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી,વરિષ્ઠ આગેવાનશ્રી વજુભાઇ વાળા, સાંસદશ્રીઓ શ્રી પરષોત્તમભાઇ રૂપાલા, શ્રી વિનોદભાઇ ચાવડા, શ્રી રામભાઇ મોકરિયા,શ્રી કેસરીસિંહજી, પ્રદેશના ઉપાધ્યક્ષશ્રી ભરતભાઇ બોઘરા, ધારાસભ્યશ્રીઓ શ્રી ઉદયભાઇ કાનગડ, શ્રી રમેશભાઇ તિલાડા,ડો.દર્શિતાબેન શાહ,ડે.મેયરશ્રી, સ્ટેન્ડિગ કમિટીના ચેરમેનશ્રી,પ્રદેશ યુવા મોરચાના પ્રમુખશ્રી ડો.પ્રશાંતભાઇ કોરાટ, સહિત પ્રદેશ અને જીલ્લાના આગેવાનો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)